## સંક્ષિપ્ત સમાચાર

### પૂજાનો દીવા પડતાં દાઝેલા વૃદ્ધાનું મોત

સુરતઃ મૂળ પોરબંદરના વતની અને હાલ કતારગામ વિસ્તારમાં નારાયણ નગર સોસાયટીમાં રહેતાં જયાબેન અશોકભાઈ સંપટ (63 વર્ષ), શુક્રવારે સાંજે 8:30 વાગ્યાના સુમારે ઘરમાં તુલસીના ક્યારા પાસે દીવાબત્તી કરી રહ્યાં હતાં. તે સમયે દીવાબત્તી માટે મૂકેલો દીવો નીચે પડી ગયો હતો અને જયાબેનના કપડામાં આગ લાગી જતાં તેઓ ગંભીર રીતે દાઝી ગયા હતા. તેમને સારવાર માટે ખાનગી હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતાં. જ્યાં સારવાર દરમિયાન રવિવારે તેમનું મોત નીપજ્યું હતું.

### 30 વર્ષીય યુવકનું તાવમાં મોત

સુરતઃ મૂળ ઉત્તરપ્રદેશના વતની ઉમેશ જગતપાલ નિષાદ (30 વર્ષ) હાલ ભેસ્તાન વિસ્તારમાં આવેલા ભૈરવ નગરમાં ત્રણ સંતાન સહિતના પરિવાર સાથે રહેતો હતો. તે લુમ્સ ખાતામાં નોકરી કરીને પરિવારનું ગુજરાન ચલાવતો હતો. તેને તાવ આવવાની સાથે માથું દુખી રહ્યું હતું. શનિવારે રાત્રે 8:30 વાગ્યાના સુમારે ઘરમાં અચાનક તેને ચક્કર આવતા તે નીચે ઢળી પડ્યો હતો. જેથી 108 એમ્બ્યુલન્સ મારફત તેને સારવાર માટે હોસ્પિટલ ખાતે ખસેડવામાં આવ્યો હતો. જ્યાં તેનું મોત નીપજ્યું હતું.

### પરિણીતાએ ફાંસો ખાઈ આત્મહત્યા કરી લીધી

સુરતઃ પુણાગામમાં પરિણીતાએ ફાંસો ખાઈ આત્મહત્યા કરી લીધી હતી. સ્મીમેર હોસ્પિટલ પાસેથી મળતી માહિતી મુજબ, મૂળ ઝારખંડના વતની અને હાલ પુણાગામ સ્થિત મુક્તિધામ સોસાયટીમાં ભૈરવ જાદવ પત્ની સરસ્વતી દેવી (ઉ 22 વર્ષ) સાથે રહે છે. તે ટેમ્પો ડ્રાઈવર તરીકે નોકરી કરીને પરિવારનું ગુજરાન ચલાવે છે. તેની પત્ની સરસ્વતી દેવીએ શનિવારે સાંજે ઘરમાં લોખંડના પાઇપ સાથે સાડી બાંધી ફાંસો ખાઈ આત્મહત્યા કરી લીધી હતી. સરસ્વતી દેવીના લગ્નને 4 વર્ષ થયા હતા. તેમજ તે લગ્ન બાદ વતન પિયરે જતી રહી હતી. જે ચારેક મહિના પહેલા જ પતિ ભૈરવ પાસે રહેવા માટે આવી હતી.


**મનીષ કાપડિયાને વિજયી બનાવવા મોટા માથાઓ ઉતરી પડ્યા છતાં...**


# ચેમ્બરનાં ઉપપ્રમુખની ચૂંટણીમાં નિખિલ મદ્રાસીનો 414 મતે વિજય

**બીજીવાર** સૌરાષ્ટ્ર વર્સિસ સુરતીઓની યોજાયેલી ચૂંટણીમાં નિખિલ મદ્રાસીને 2443 અને મનીષ કાપડિયાને 2029 મત મળ્યાં, 146 મત રદ



(તસવીર : સતીષ જાદવ)







સુરત : દિનેશ નાવડિયા વિરુદ્ધ મિતિષ મોદીના ચૂંટણી જંગ પછી બીજીવાર ચેમ્બરનાં ઉપપ્રમુખ પદની ચૂંટણી સૌરાષ્ટ્રવાસી વર્સિસ સુરતીઓની બની રહ્યો હતો. મનીષ કાપડિયા તરફે બાંધકામ અને હીરા ઉદ્યોગના મોટા માથાઓ ચૂંટણીમાં ઉતરી આવ્યા હતાં. બીજી તરફ માજી પ્રમુખોનાં જૂથના ઉમેદવાર નિખિલ મદ્રાસી 2443 મત મેળવી 414 મતની સરસાઈથી વિજેતા બન્યા હતાં, તેમના હરીફ ઉમેદવાર મનીષ કાપડિયાને સન્માનજનક 2029 મત મળ્યાં હતાં. ચેમ્બરનાં ઉપપ્રમુખની ચૂંટણી માટે કુલ 39.08 ટકા મતદાન થયું હતું. કુલ 4624નાં મતદાનમાંથી 4477 મત માન્ય રહ્યાં હતાં. જ્યારે 146 મત રદ થયા હતા. આ ચૂંટણીમાં ઉમેદવારી પરત ખેંચનાર મિતિષ મોદી અને બંદના ભટ્ટાચાર્યને 2 -2 મત અને ભદ્રેશ શાહને 1 મત મળ્યા હતાં. એક મત મિસિંગ જાહેર કરવામાં આવ્યો હતો.

સરસાણા કન્વેક્શન સેન્ટર ખાતે આજરોજ રવિવારે સવારે 9 થી 11 નાં સમયગાળામાં સૌરાષ્ટ્રવાસી મતદારોએ ધસારો કરતા બે કલાકમાં જ 1009 મત પડી ગયા હતા. ભારે મતદાનની સ્થિતિથી સવારે ડઘાઈ ગયેલા માજી પ્રમુખોનાં જૂથે સુરતી મતદારોને ખેંચી લાવવા ભારે મથામણ કરવી પડી હતી. સવારે 11થી 12 વાગ્યા સુધી 847 અને 12 થી 1 વાગ્યા દરમિયાન 838નું મતદાન થયું હતું. બપોરે 1 થી 2 વાગ્યા દરમિયાન 660 મતો પડ્યા પછી સતત મતદાન ઘટતું ગયું હતું. બપોરે 2 થી 3 માં 523, 3 થી 4માં 406 અને 4 થી 5 વાગ્યામાં 341 મત પડ્યા હતા. 12 વાગ્યા પછી સુરતી મતદારો આવી રહ્યા હોવાથી માજી પ્રમુખોએ રાહતનો દમ લીધો હતો. 600 થી 700 મતની સરસાઈથી જીતવાની બધી ગણતરી ઊંધી પડી હતી અને પરિણામને અંતે મદ્રાસી 414 માટે જીત્યા હતા. જ્વેલરી મેન્યુફેક્ચર્સ એસો.ની ક્રિકેટ ટુર્નામેન્ટનું આયોજન ન હોત તો સરસાઇ હજી ઘટી હોત. માજી પ્રમુખોનાં જૂથની અપેક્ષા 2700થી 3000 મત પડાવવાની હતી. પણ મત 2443 જ મળ્યા હતા. ક્રેડાઈ સાથે સંકળાયેલા બિલ્ડર ગ્રુપ દ્વારા મનીષ કાપડિયાની તરફેણમાં મતદાન કરવામાં આવ્યું હતું. સવારથી જ સરસાણા સ્થિત મતદાનથી ભારે ગરમી સાથે થોડો ઉગ્ર અને રસાકસીભર્યો માહોલ જોવામાં આવ્યો હતો. ચૂંટણી સમિતિના ચેરમેન હિમાંશુ બોડાવાલાએ ચેમ્બર ઓફ કોમર્સના વર્ષ ૨૦૨૪-૨૫ના પ્રમુખ તરીકે વિજય મેવાવાલા અને ઉપ પ્રમુખ તરીકે નિખિલ મદ્રાસીની જાહેરાત કરી હતી. બધાએ ચૂંટાયેલા પ્રમુખ અને ઉપ પ્રમુખને અભિનંદન પાઠવ્યા હતા.

### ગુજરાત સરકારના મંત્રીઓ, ધારાસભ્યો, હીરા અને બાંધકામ ઉદ્યોગના આગેવાનોએ ચૂંટણીને હાઈ પ્રોફાઈલ બનાવી

ચેમ્બરનાં ઉપપ્રમુખ પદના ઉમેદવાર મનીષ કાપડિયા ભાજપના સક્રિય આગેવાન હોવાથી તેમની તરફેણમાં મતદાન કરવા ચેમ્બર સાથે સંકળાયેલા ભાજપના આગેવાનો, હીરા અને બાંધકામ ઉદ્યોગના આગેવાનો મોટી સંખ્યામાં ઉમટી પડ્યા હતા. સાંસદ મુકેશ દલાલ, રાજ્ય કક્ષાના ગૃહ રાજ્યમંત્રી હર્ષ સંઘવી, શિક્ષણ મંત્રી પ્રફુલ પાનશેરિયા, માજી મંત્રી નાનુભાઈ વાનાણી, ધારાસભ્ય મનુભાઈ પટેલ (ફોગવા), માજી ધારાસભ્ય જનક બગદાણાવાળા, ઉદ્યોગ જગતમાંથી પદ્મશ્રી મથુર સવાણી, જયંતીભાઈ નારોલા, તુલસીભાઈ ધોળકિયા, સીપી.વાનાણી, વેલજીભાઈ શેટા, રવજીભાઈ શેટા, મહેશ સવાણી, કાનજીભાઈ ભાલાળા, જશમત વિડિયા, આનંદ દેસાઈ, ગિરીશ લુથરા, કમલવિજય તુલ્સ્યાન, જીતેન્દ્ર વખારિયા, ફારુક પટેલ, ઈલ્યાસ કાપડિયા, ઈરફાન ચામડીયા, નરેશ વઘાસિયા, પારસ મહેતા, હેતુલ મહેતા, વિશાલ બુધીયા, કૈલાશ હાકીમ ઉપસ્થિત રહ્યાં હતાં. નવસારી બેઠકના કોંગ્રેસ ઉમેદવાર નૈષધ દેસાઈ ગાંધી વેશ ધારણ કરી મતદાન કરવા આવ્યા હતા.

### માજી પ્રમુખોનાં જૂથે મિતિષ મોદી, બંદના ભટ્ટાચાર્યની ઉમેદવારી પરત ખેંચાવી ન હોત તો મનીષ કાપડિયા જીતી ગયા હોત

ચેમ્બરનાં ઉપપ્રમુખ પદ ચૂંટણીમાં છૂપી રીતે ભાજપના સંગઠનના આગેવાનો અને હીરા અને બાંધકામ ઉદ્યોગના સૌરાષ્ટ્રવાસી આગેવાનોએ મનીષ કાપડિયાની તરફેણમાં મોટા ઓપરેશન પાર પાડ્યા હતા. જેને લીધે મનીષ કાપડિયાને દિનેશ નાવડિયા કરતા વધુ મત મળ્યાં હતાં. જોકે વધુ મત મળવાનું એક કારણ નવા મતદારો પણ હતા. નાવડિયાની તુલનામાં કાપડિયાને એક ટકો મત ઓછા મળ્યા હતા. ચેમ્બરનાં માજી પ્રમુખો ભરતભાઈ ગાંધી, રાજેન્દ્રભાઈ ચોખાવાળા, બીએસ.અગ્રવાલ, પ્રફુલ શાહ અને અશોકભાઈ શાહે સમય પારખી જઈ સીએ. મિતિષ મોદી અને બંદના ભટ્ટાચાર્યને દાવેદારી પરત ખેંચાવવા પ્રયાસો શરૂ કર્યા હતા. પાંડેસરા એસો.અને કાપડ માર્કેટનાં સંગઠનોની મદદથી ચૂંટણી લડી રહેલા ડો. બંદના ભટ્ટાચાર્યને સચિન GIDCનાં અગ્રણી મયુર ગોળવાલાએ તેમના સમર્થકોને માજી પ્રમુખો સાથે બેસાડી મતદાનનાં ચાર દિવસ પહેલા ઉમેદવારી પરત ખેંચાવી લીધી હતી. એ પછી સીએ મિતિષ મોદીને સમજાવી ત્રણ દિવસ પહેલા ઉમેદવારી પરત ખેંચાવી લઈ 700થી 800 સુરતી મતોનું વિભાજન અટકાવી વન ટુ વન ફાઇટની સ્થિતિ ઊભી કરી સુરતીઓ અને અન્ય પ્રાંતના મતદારો અને આગેવાનોની સાથે બેઠક યોજી 2700 થી 3000 માટેનો લક્ષ્યાંક રાખવામાં આવ્યો હતો. પણ માત્ર 39.08 ટકા મતદાન થતાં જીતનું માર્જીન 414 મત પર આવી ગયું હતું. કાપડિયા 210 મતોનું વધુ આયોજન કરી શક્યા હોત તો પરિણામ પલટાઈ જતે.

### 146 મત ટેક્નિકલ કારણોથી રદ થયા, એક મતદાર બેલેટ ઘરે લઈ ગયો

ચૂંટણીમાં સભ્યોને મતદાન કરતા આવડ્યું નથી. કેટલાક મતદારોએ બેલેટમાં ઉપર બે અને નીચે ત્રણ દાવેદારી પરત ખેંચનારના નામ હોવાથી નિખિલ મદ્રાસી અને મનીષ કાપડિયા બંનેના નામના ખાનામાં ચોકડી મારી હતી, કેટલાકે ચોકડીના બદલે રાઈટ ટીક કરી હતી. કેટલાકે ઉમેદવારી પરત ખેંચનાર અને લડી રહેલા ઉમેદવારને સાંકળી લઈ બે ચોકડી મારી હતી. જ્યારે એક મતદારને બેલેટ પેપર એટલું ગમી ગયું હતું કે, તે મત પેટીમાં નાંખવાને બદલે ઘરે લઈ ગયો હતો. 10 થી 15 મતદારોએ બેલેટ પેપર પર ટીકાત્મક લખાણો લખ્યા હોવાથી આ મતો પણ રદ કરાયા હતા.

## સંક્ષિપ્ત સમાચાર

### મોરા ટેકરા ગામે સ્વાસ્થ્ય જાગૃતિ મહાશિબિરનું આયોજન કરવામાં આવ્યું



સુરતઃ સુરત જિલ્લાના મોરા ટેકરા ગામે ચિત્રકુટ સોસાયટી મુકામે સ્વાસ્થ્ય જાગૃતિ મહાશિબિરનું આયોજન કરવામાં આવ્યું હતું. સમાજસ્તરે FOH કાર્ડનું વિનામૂલ્યે વિતરણ અને તેની આર્થિક માનવતાલક્ષી સહાય સનશાઇન ગ્લોબલ હોસ્પિટલના FOH પ્રમુખ ડો. સતિશભાઇ પટેલે વિસ્તૃત માહિતી પુરી પાડી હતી. ડો. શિવાનીબેન દ્વારા COLS/CPR ટ્રેનીંગ અને તેનું પ્રેકટિકલ માર્ગદર્શન આપવામાં આવ્યું હતું. કાર્યક્રમમાં હોસ્પિટલના સીઓઓ ડો. બિરેન ચૌહાણ ઉપસ્થિત રહ્યા હતાં. શિબિરમાં 109 દર્દીઓએ વિનામૂલ્યે લાભ લીધો હતો અને 115 લાભાર્થીઓને વિનામૂલ્યે FOH કાર્ડ ઉપલબ્ધ વિતરણની કાર્યવાહી કરવામાં આવી હતી.

### હીરલ ત્રિવેદી SVNITમાંથી પીએચ.ડી થયાં



સુરતઃ SVNIT ખાતે ત્રિવેદી હિરલ શશાંક દ્વારા એન્જિનિયરિંગમાં કોમ્પ્યુટર વિષય માટે સુપરવાઈઝર ડો. સંકિતા જે.પટેલના માર્ગદર્શન હેઠળ તૈયાર કરવામાં આવેલી થિસિસ 'ડિઝાઈન એન્ડ એનાલિસિસ ઓફ સિક્યોર ડેટા કલેક્શન, પ્રોસેસિંગ એન્ડ સ્ટોરેજ મેથડ્સ ઇન ડિસ્ટ્રિબ્યુટેડ IoT સિસ્ટમ્સ'ને SVNIT દ્વારા મંજૂર કરવાની સાથે હીરલ ત્રિવેદીને પીએચ.ડી.ની ડિગ્રી એનાયત કરવામાં આવી છે.

### પ્રીત ચેરીટેબલ ટ્રસ્ટ દ્વારા શહેરમાં બાવીસ ઠંડા પાણીની પરબ બનાવવામાં આવી



સુરતઃ શહેરમાં ગરમીનો પારો દિન પ્રતિદિન ઉંચો જઈ રહ્યો છે ત્યારે,શહેરની પ્રીત ચેરીટેબલ ટ્રસ્ટ દ્વારા સૂરતના વિવિધ વિસ્તારો પૈકી અડાજણ, પાલ, વેસુ, અઠવાગેટ, સિટીલાઇટ, પીપલોદ, સિવિલ હોસ્પિટલ વગેરે વિસ્તારોમાં કુલ બાવીસ ઠંડા પાણીની પરબ મૂકવામાં આવી છે. ટ્રસ્ટના મેનેજીગ ટ્રસ્ટી ભારતીબેન વશીએ જણાવ્યું હતું કે, આપણે પાણીને બચાવશું તો પાણી આપણને બચાવશે માટે પાણીનો બગાડ કરશો નહીં. ભારતીબેન વશી, આશાબેન, પરેશભાઇ તથા ટ્રસ્ટના સહકાર્યકર્તાઓએ કાર્યક્રમને સફળ બનાવવા માટે પોતાનું સંપૂર્ણ યોગદાન અને જાહેમત ઉઠાવી અન્યોને શીતળતા બક્ષવાનું ભગીરથ કાર્ય કરી શહેરી જનોને પરબ રૂપી નજરાણું આપ્યું છે.

### જીવદયા ટ્રસ્ટ દ્વારા અબોલા જીવ માટે વરાછાના પાંચ વિસ્તારોમાં 1500 કુંડાઓનું વિતરણ કરાયું



સુરતઃ જીવદયા ટ્રસ્ટ દ્વારા કાળઝાળ ગરમીને ધ્યાનમાં રાખીને અબોલ પક્ષી માટે વિનામૂલ્યે પાણીના કુંડાનું વિતરણ કરવામાં આવ્યું હતું જેમાં વરાછાના અલગ અલગ પાંચ વિસ્તાર જેવા કે યોગીચોક, હીરાબાગ, પર્વત પાટિયા, ડાયાપાર્ક, સીતાનગર વિસ્તારમાં કુંડાનું વિતરણ કરવામાં આવ્યું હતું. સંસ્થા દ્વારા 1500 કુંડાનું વિનામૂલ્યે વિતરણ કરવામાં આવ્યું હતું. સાથે જ જણાવવામાં આવ્યું હતું કે ક્યાંય પણ અબોલ પક્ષી બીમાર કે ઘાયલ અવસ્થામાં નજરે ચડે તો અમારા હેલ્પલાઇન નંબર 70531 44444 પર સંપર્ક કરવો.

### સંપ્રતિ ફાઇન્ડેશન દ્વારા મેડિકલ કેમ્પ અને રકતદાન શિબિર યોજાયા



સુરત : રવિવારે સંપ્રતિ ફાઉન્ડેશન ચેરમેન અને પૂર્વ ડેપ્યુટી મેયર નિરવ શાહને જન્મ દિવસ 1લી મેના રોજ હોવાથી સમાજિક સેવાકીય કાર્યોની હારમાળાના ભાગ રૂપે સંસ્થા દ્વારા સરિતા સાગર સંકુલ ખાતે સંપ્રતિ ફ્રી મેડિકલ કેમ્પ તથા સંપ્રતિ રક્તદાન મહાયજ્ઞનું મહાઆયોજન કરવામાં આવ્યું હતું જેમાં 600થી વધુ લાભાર્થીઓએ નિદાન સારવારનો લાભ લીધો હતો. આ કાર્યક્રમમાં રાજકીય આગેવાનો, સમાજના શ્રેષ્ઠીઓ વગેરે હાજર રહયા હતા. આ પ્રસંગે નીરવ શાહે જણાવ્યું હતું કે તેઓ હંમેશા સમાજને ઉપયોગી થાય તથા મદદરૂપ બને તેવા અનેકવિધ કાર્યક્રમોનું આયોજન કરતા રહેશે . આ માટે તેમને સહયોગ આપનાર દરેક વ્યક્તિનો તથા ઉપસ્થિત તમામ લોકોનો તેઓ અંગતરૂપે આભાર માને છે અને ભવિષ્યમાં પણ તેઓનો આજ રીતે સાથ સહકાર મળતો રહેશે તેવો આશાવાદ વ્યક્ત કર્યો હતો .

# 'અમારા મતાધિકારીનું શું ? દિનેશ કાછડીયાના ગાંધી પ્રતિમા સામે ધરણાં, જો કે પોલીસે ડીટેઇન કર્યા

**'કુંભાણી** સોદાગર'ના બેનરો લગાવી વિરોધ પ્રદર્શન પણ કરાયું



સુરત : આઝાદી પછી લોકસભા ચૂંટણીમાં પહેલીવાર સુરતના મતદારો પોતાના મૂળભૂત અધિકાર એવા મતદાનથી વંચિત રહેતા પૂર્વ કોર્પોરેટર અને આમ આદમી પાર્ટીના નેતા દ્વારા ગાંધી પ્રતિમા પાસે ધરણામાં જોડાવા માટે આહવાન કરાયું હતું. જોકે કાછડીયા સહીત 10થી વધુ લોકોની પોલીસે અટકાયત કરી લીધી હતી.

જયારે અન્ય કાર્યકરો દ્વારા આ સ્થળે 'અમને મળેલા મતાધિકારનું શું'? તથા નિલેશ કુંભાણીના ફોટા નીચે 'સોદાગર' અને 'સુરત લોકસભા ક્ષેત્રના અમારા 19 લાખ મતદારોના અધિકારોનો સોદો આવા 4 ચોર કેવી રીતે કરી શકે?' વગેરે લખેલા બેનરો સાથે વિરોધ પ્રદર્શન કર્યું હતું.

આપના નેતા દિનેશ કાછડીયાએ જણાવ્યું કે, લોકશાહીમાં 3-4 લોકો વેચાઈ જાય અને મતદારો પોતાના મતદાનના હકથી વંચિત રહી જાય તે કેવી રીતે ચલાવી લેવામાં આવે? હું લોકોને અપીલ કરું છું કે સોશિયલ મીડિયાના માધ્યમથી અલગ-અલગ પ્લેટફોર્મ પરથી પોતાના મતાધિકાર માટે માંગ કરવામાં આવે. આવનારી 7મી તારીખે લોકસભા ચૂંટણી થવા જઈ રહી છે. તેમાં પોતાના મત અધિકારનો ઉપયોગ કરવા મળે તે પ્રકારની માંગ કરવી જરૂરી છે. 3-4 લોકો વેચાઈ જવાથી મતાધિકારનો ઉપયોગ આપણે ન કરી શકીએ એ કેટલું યોગ્ય કહેવાય. આ બાબતે સુરતવાસીઓએ ખૂબ જાગૃત થવાની જરૂર છે.

# દબાણગ્રસ્ત ચૌટાપુલના શ્રીપદ એપાર્ટમેન્ટની મીટર પેટીમાં શોર્ટ સર્કિટથી આગ ભડકી

**આગમાં** એકસાથે 22 મીટરો અને બે વાહનો આગની લપેટમાં આવી ગયા હતા



સુરતઃ ચૌટાપુલમાં આવેલ શ્રીપદ એપાર્ટમેન્ટમાં બેઝમેન્ટની મીટર પેટીમાં શોર્ટ સર્કિટ થયા બાદ આગ લાગવાની ઘટનામાં 20થી 22 જેટલા મીટરો અને પાર્કિંગ એરિયામાં પાર્ક કરેલા બે વાહનો પણ આગની લપેટમાં આવી ગયા હતા. ચૌટાપુલ વિસ્તારમાં સાંકડી શેરી હોવાને કારણે અને વાહનોને પગલે ફાયરની ગાડીઓને અંદર સુધી પ્રવેશમાં ભારે હાલાકીનો સામનો કરવો પડ્યો હતો.

આજે સાંજે 5:00 કલાકે ચૌટાપુલમાં આવેલ શ્રીપદ એપાર્ટમેન્ટની મીટર પેટીમાં શોર્ટ સર્કિટ થતા આગ લાગી હતી. જેને પગલે એપાર્ટમેન્ટમાં રહેતા રહીશોમાં ભાગદોડ મચી ગઈ હતી. ફાયર કંટ્રોલને જાણ કરાતા નવસારી બજાર અને ઘાંચી શેરી સહિતના ફાયર સ્ટેશનની ટીમ ઘટના સ્થળ પર પહોંચી હતી. એપાર્ટમેન્ટના પાર્કિંગમાં મીટર પેટી હોવાથી ત્યાં વાહનો પણ પાર્ક કર્યા હતા.દરમિયાન બે મોપેડ આગની ઝપેટમાં આવી ગયા હતા. ફાયરની ટીમે ગણતરીની મિનિટોમાં જ આગને કંટ્રોલમાં કરી લીધી હતી. આગને કારણે 22 મીટરો અને બે વાહનો બળી ગયા હતા. જોકે ઘટનામાં કોઈને ઈજા કે જાનહાની થઈ ન હોવાનું ફાયર સબ ઓફિસર રાજેશ દેશમુખે જણાવ્યું હતું.

### શેરીમાં પ્રવેશવા માટે ફાયરની ટીમને ભારે મથામણ કરવી પડી

ચૌટાપુલ વિસ્તારમાં રોજે રોજ બજાર ભરાય છે. તેને કારણે આ વિસ્તારમાં લોકોની ભીડ હર હંમેશ જોવા મળતી હોય છે. બીજી તરફ રવિવારે ચૌટાપુલમાં ભીડનું પ્રમાણ વધુ પ્રમાણમાં હોવાથી મોટી દુર્ઘટના સર્જાતા રહી ગઈ હતી. ચૌટાપુલ પાસે રિક્ષા સહિતના વાહનોને પગલે સર્જાયેલા ટ્રાફિકથી ફાયર વિભાગના વાહનને ઘટના સ્થળે અવર-જવર કરવામાં હાલાકી પડી હતી.

# 'સુરતમાં હારી જવાની બીકે ખેલ કરાવાયો' કોંગ્રેસના ન્યાય સંમેલનમાં શકિતસિંહના ચાબખા

**સુરતમાં** થયો તેવો સત્તા અને નાણાંનો અનૈતિક ઉપયોગ આજ સુધી ક્યાંય નથી થયો : મુકુલ વાસનિક

સુરતઃ નવસારી લોકસભાની ચૂંટણીના ઈન્ડિયા ગઠબંધનના કોંગ્રેસપક્ષ દ્વારા યોજાયેલા ન્યાય સંમેલનમાં કોંગ્રેસના પ્રદેશ પ્રમુખ શક્તિસિંહ ગોહિલે ભાજપને આડેહાથ લેતા જણાવ્યું કે, લોકશાહીમાં કોઇ શખ્સ કે પક્ષ મહાન નથી. લોકો મહાન હોય છે. એટલે લોકશાહીને વખાણીયે છે. ભાજપ અહંકાર કરે છે. અહંકાર તો સોનાની નગરીવાળાનો પણ નથી ચાલ્યો તો ભાજપનો કેવી રીતે ચાલશે. ગુજરાતમાં 26માંથી 26 બેઠક 5 લાખથી જીતવાની વાતો કરે છે. પરંતુ સુરતમાં ચૂંટણી થશે તો હારી જશે એ બીક લાગી. કોંગ્રેસનું ફોર્મ રદ કરાવ્યું એટલું જ નહીં અપક્ષ સહિતના ઉમેદવારોથી બીક લાગી ફોર્મ પાછા ખેંચવ્યા. સુપ્રિમ કોર્ટ કહ્યું કે, નોટાના મત ચાલશે પણ નોટાથી પણ બીક લાગી.

### પહેલાં ગુજરાત વિચારતું કે એક નેતા ઉભરી રહ્યો છે પરંતુ તે નેતા તો હવે અભિનેતા સાબિત થઈ રહ્યો છે: મુકુલ વાસનિક

આ કાર્યક્રમમાં હાજર રહેલા એ.આઇ.સી.સી મહામંત્રી મુકુલ વાસનિકે વડાપ્રધાન પર આકરા પ્રહાર કર્યા હતા. તેમણે જણાવ્યું કે, જે રીતે સુરતમાં કોંગ્રેસના ઉમેદવારનુ નામાંકન રદ થયું, તેવું ભારતના લોકતંત્રના ઇતિહાસમાં પૈસાનો, સત્તાનો, બળનો અનૈતિક દૂરુપ્યોગ આ પહેલા થયો ન હતો. જો કે ભાજપના ઉમેદવારને વિજેતા જાહેર કરાયો છે પરંતુ અમને આશા છે કે આવનારા સમયમાં ન્યાય પાલિકા તેમને જરૂરથી ડિસ્ક્વોલિફાઇ જાહેર કરશે. જે નીચલા સ્તરની રાજનીતિ નરેન્દ્ર મોદી કરી રહ્યાં છે તેવી આજ સુધી દેશમાં તેમના પહેલાના પ્રધાનમંત્રીએ કરી નથી. આજે તેઓ ધર્મ અને ધ્રુવિકરણના આધારે રાજનીતિ કરી રહ્યાં છે. આજે તેઓ એક રાષ્ટ્ર એક ભાષા, એક ચૂંટણી, એક ધર્મ, એક સાંસ્કૃતિ જેવી નીતિઓની વાત કરી રહ્યાં છે પરંતુ આ દેશ તો વિવિધતામાં એકતા દર્શાવતો દેશ છે. આ દેશ અનેક્તામાં વિશ્વાસ રાખે છે. જ્યારે ભાજપ દેશના બધા નાગરિકોને સમાન અધિકાર આપવામાં વિશ્વાસ રાખતો નથી. ભાજપ ધર્મ નિરપેક્ષતા, સામાજિક ન્યાય, રાજનૈતિક ન્યાય અને આર્થિક ન્યાયમાં વિશ્વાસ રાખતો નથી. પહેલાં લોકો વિચારતા કે ગુજરાતની રાજનિતિથી એક નેતા ઉભરી રહ્યો છે પરંતુ તે નેતા તો હવે અભિનેતા સાબિત થયો છે. જે નાયક નહીં પણ ખલનાયકની ભૂમિકા ભજવી રહ્યો છે. જેમની વાણીમાં નફરત અને હિંસા હોય છે.

# 7.20 લાખની ચોરી કરીને ભાગેલો ઘરઘાટી ચિત્રકૂટના પહાડ પરથી ઝડપાયો

**ભટારમાં** બે મહિનાથી ઘરકામની નોકરીએ લાગ્યો હતો, ઘર બંધ રહેતાં 3 લાખની રોકડ અને દાગીના ચોરી નાસી છૂટ્યો હતો

**જૂન** મહિનામાં આરોપી લગ્ન કરવાનો હતો, ખટોદરા પોલીસે દબોચી લીધો

સુરતઃ ભટારની નિકુંજ સોસાયટીમાં રહેતા રાજસ્થાની રાઠી પરિવારે બે મહિના પહેલા જેને કામે રાખ્યો હતો, તે નોકરે ઘરે કોઈ ન હોવાનો લાભ લઈને દાગીના અને રોકડા 3 લાખ મળી 7.20 લાખની ચોરી કરી હતી. ખટોદરા પોલીસની ટીમે આરોપીને તેના વતન ચિત્રકુટ ખાતેથી પકડી પાડી પુરેપુરો મુદ્દામાલ રિકવર કર્યો છે.

ખટોદરા પોલીસ પાસેથી મળતી માહિતી મુજબ ભટાર ખાતે આશીર્વાદ પેલેસની બાજુમાં કબીર નિકુંજ સોસાયટીમાં રહેતા મહેન્દ્રભાઈ હરિકીશનભાઇ રાઠી મૂળ રાજસ્થાન બિકાનેરના વતની છે. ગત 20મી એપ્રિલના રોજ મહેન્દ્રભાઈના ભાઈ-ભાભી કામ અર્થે રાજસ્થાન ગયા હતા. આ દરમિયાન તેમનું મકાન બંધ હતું. છેલ્લા બે મહિનાથી મહેન્દ્રભાઈ અને તેમના ભાઈના ઘરમાં કામકાજ કરવા માટે ઉત્તર પ્રદેશના ચિત્રકૂટના પુરવા ગામનો રામકેશ નામનો વ્યક્તિને કામ પર રાખ્યો હતો. આ નોકરે બંધ મકાનનો ફાયદો ઉઠાવી ઘરના બેડરૂમમાં લોક તોડી રોકડા રૂપિયા ત્રણ લાખ તથા સોના ચાંદીના દાગીના મળી કુલ રૂપિયા 7.20 લાખની ચોરી કરી હતી અને નાસી ગયો હતો.

ખટોદરા પોલીસે આ અંગે તપાસ હાથ ધરતાં હેડ કોન્સ્ટેબલ રાહુલભાઇ રમેશભાઇ તથા તથા દીવ્યરાજસિંહ દિગ્વીજયસિંહને આરોપીનું લોકેશન મધ્યપ્રદેશથી ચીત્રકુટ ખાતે હોવાનું જાણવા મળ્યું હતું. પોલીસે લોકેશનવાળી જગ્યાએ જઇને તપાસ કરતા આરોપી પહાડ ઉપર રહેતો હોવાનું જાણવા મળ્યું હતું. જેથી બે દિવસ રેકી કરી આરોપીનું ઘર લોકેટ કરાયું હતું અને બાદમાં વોચ ગોઠવીને આરોપી રામકેશ સુદામા હરિજન (ઉ.વ.૨૧, રહે. ડિલૌરા તા-કરબી જી-ચિત્રકુટ થાના-કરબી, ઉત્તરપ્રદેશ)ને પકડી પાડ્યો હતો.

આરોપી પાસેથી પોલીસે 7.20 લાખનો મુદ્દામાલ રિકવર કર્યો છે. આરોપીના જુન મહિનામાં લગ્ન હોવાથી તેને ચોરી કરી હોવાનું લાગી રહ્યું છે. પોલીસે આ અંગે તેની વધારે પુછપરછ કરવામાં આવી છે.